## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભણવામાં હવે પહેલા જેવી મજા નથી... ટીચર પહેલા ડેલ્ટા વનનાં લક્ષણો સમજાવતા હતા... હવે ઓમિક્રોનના...!!

# ભાટ પાસે કાર દેખો કંપનીના પાર્કિંગ યાર્ડમાં ફરજ બજાવતા યુવકે બે કાર બારોબાર વેચી દીધી

**કંપનીના આસી. મેનેજર દ્વારા નૈતિક પ્રજાપતિ સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ**

ગાંધીનગર, તા.૧૩

''કાર દેખો''કંપનીના ભાટ પાસે આવેલા પાર્કિંગ યાર્ડમાં ૧૫૦ ગાડીઓની દેખરેખ રાખતા માણસાના યુવાને સ્વીફ્ટ અને ઈટીઓસ કાર ત્રાહીત વ્યકિતને રૂ.૨૫-૨૫ હજારમાં બારોબાર વેચી મારીને કંપની સાથે રૂ.૩.૬૮ લાખની છેતરપિંડી આચરતા કંપનીના આસી.મેનેજરે અડાલજ પોલીસ મથકે યુવાન સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આશિષ ત્યાગી ગીરનાર શોફ્ટ ઓટો પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. જયારે કંપનીની હેડ ઓફિસ દિલ્હી ખાતે આવેલી છે. જે કાર દેખો નામથી પ્રખ્યાત છે. આ કંપની ભારતભરમાં યુઝડ કાર લે-વેચનો વેપાર કરે છે. જયારે કંપની દ્વારા ગુજરાતમાં ૨૨ એક્ષપેરીયા બિલ્ડીંગ રાધે ફોર્ચ્યુનર સામે ભાટ સર્કલ એસપી રીંગ રોડ કોબા ચોકી પાસે કાર મુકવા માટેનું પાર્કિંગ યાર્ડ બનાવાયું છે. આ પાર્કિંગ યાર્ડમાં ૧૫૦ થી વધુ ગાડીઓ પાર્ક કરવામાં આવતી હતી. યાર્ડ ખાતે ગાડીના જરુરી કાગળો પણ ઓફિસમાં મુકવામાં આવતા હતા. પાર્કિંગમાં મુકવામાં આવેલી કારોની દેખરેખ માટે માણસા તાલુકાના ચરાડા ગામના વતની અને માણસા રાજ બંગ્લોઝમાં રહેતા નૈતિક નટવરભાઈ પ્રજાપતિ અને બીજા ચાર વ્યકિતઓ કામ કરતા હતા. યાર્ડમાં તા.૧૦ જુના રોજ સ્વીફ્ટ ગાડી નં. જી.જે.૧૮.બી.એ. -૯૯૧૭ ની કિં.૨.૧૫ લાખ અને ઈટીઓસ લીવા ગાડી નં. જી.જે.-૧.કે.યુ.-૨૭૫૬ ની કિં.૧,૫૩ લાખ યાર્ડમાં મુકેલી હતી. તમામ ગાડીઓની દેખરેખ નૈતિક પ્રજાપતિ તેમજ બીજા કર્મચારીઓ રાખતા હતા. ત્યારે ગત તા.૧ નવેમ્બરના રોજ કંપનીના ક્રમચારી ચિરાગ વ્યાસ દ્વારા યાર્ડમાં રહેલી ગાડીઓની ગણતરી કરવામાં આવી હતી તે સમયે સ્વીફ્ટ અને ઈટીયોસ ગાડી યાર્ડમાં જોવા મળી ન હતી. જેથી નૈતિક પ્રજાપતિની પુછપરછ કરતા તેણે કોઈ ખુલાસો કર્યો ન હતો. જયારે કારને યાર્ડની બહાર લઈ જવા અંગે રજીસ્ટ્રરમાં કોઈ નોંધ પણ ન હતી. જેથી કંપની દ્વારા કડક પુછપરછ કરતા નૈતિક પ્રજાપતિએ માત્ર ૨૫-૨૫ હજારમાં બંને કાર ત્રાહીત વ્યકિતને વેચાણ કરી જરુરી દસ્તાવેજ પણ આપી દીધા હોવાનું જણાવ્યું હતું. પરંતુ કાર કોને આપી છે તે અંગે યોગ્ય જવાબ ન આપતા આખરે કંપનીના મેનેજરે નૈતિક પ્રજાપતિ સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# શહેર-જિલ્લામાં સંતો મહંતો-કાર્યકરો દિવ્ય કાશી-ભવ્ય કાશી કાર્યક્રમના સાક્ષી બન્યા

ગાંધીનગર, તા. ૧૩

આજરોજ ''દિવ્ય કાશી-ભવ્ય કાશી'' અંતર્ગત શહેર-જિલ્લામાં મોટી સંખ્યામાં સંતો-મહંતો તેમજ સરકારના મંત્રીઓ, ભાજપના પ્રદેશ આગેવાનો અને કાર્યકરો લાઈવ કાર્યક્રમમાં જોડાયા હતા. જિલ્લાના કેટલાક સ્થાનોએ તો જળાભિષેક પણ કરવામાં આવ્યો હતો.

શહેર ભાજપ દ્વારા ધોળેશ્વર મહાદેવ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ્રદેશ સંગઠ્ઠન મહામંત્રી રત્નાકરજી, રાજ્ય સરકારના મંત્રીઓ પૂર્ણેશ મોદી તથા રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, પ્રભારી મોહનલાલ પટેલ, મેયર હિતેષ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, સંગઠ્ઠનના હોદ્દેદારો, કાઉન્સીલરો જોડાયા હતા.

સંતો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા અને તેમણે સૌને આશીર્વાદ આપ્યા હતા. સંતો રામપુરી મહારાજ, પી.પી. સ્વામી, રામ સ્વામી, દિવ્ય પ્રકાશ સ્વામી, ઘનશ્યામ ચરણદાસજી અને પંચદેવ મંદિરના ફૂલશંકર શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં માણસા આનંદી માં ના વડલે જિલ્લા ભાજપા પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, જિલ્લા ભાજપા અધ્યક્ષ અનિલભાઈ પટેલ, કલોલ શહેરમાં અંબાજી મંદિર ખાતે, કલોલ તાલુકામાં ભાઉપુરા,



રણછોડપુરા ખાતે જિલ્લા ભાજપા મહામંત્રી રમેશજી ઠાકોર, વડા સ્વામી ખાતે જિલ્લા ભાજપા મહામંત્રી રાજુભાઈ પટેલ, ગાંધીનગર તાલુકામાં ચંદ્રાલા ખાતે જિલ્લા ભાજપાના મહામંત્રી રમણભાઈ દેસાઈ, પૂર્વ મહામંત્રીઓ આઈ. બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી, દહેગામ તાલુકાના પાલૈયા નીલકંઠ મહાદેવ ખાતે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં તથા દહેગામ શહેરમાં નીલકંઠ મહાદેવ ખાતે આ નિદર્શન અને જળાભિષેકના કાર્યક્રમ યોજાઈ ગયા હતા. જેમાં સંબંધિત મંડલ સંગઠનના ભાજપના પદાધિકારીઓ, સંતો, મહંતો, ધાર્મિક આગેવાનો, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, સહકારી ક્ષેત્રના આગેવાનો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના લોકપ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ અને નાગરિકો મોટી સંખ્યામાં આ ક્ષણના સાક્ષી બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું જિલ્લાકક્ષાએ સંકલન જિલ્લા ભાજપા મહામંત્રી રાજુભાઈ પટેલ, જિલ્લા ભાજપા આગેવાન સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ અને જિલ્લા ભાજપા સોશ્યલ મીડિયા સંયોજક દેવેન્દ્રભાઈ બારોટે કર્યુ હતુ.

# અડાલજ જોકરના ગાંઠીયા સામે કારમાંથી મોબાઈલ ફોન, સોનાનું મંગળસુત્ર, અને રોકડ સહિત રૂ.૭૯ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૩

અડાલજ-મહેસાણા બસ સ્ટેન્ડ જોકર ગાંઠીયા નામની દુકાન આગળ અડાલજ ખાતે પાર્ક કરેલી અર્ટીંગા કારમાંથી પર્સની ચોરી થવા પામી છે. જયારે પર્સમાં સોનાનું મંગળસુત્ર, ઘડીયાળ, મોબાઈલ ફોન અને રોકડા રૂ.૪ હજાર મળીને કુલ રૂ.૭૯ હજારની ચોરી થવા માપી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે કૌશલ શાહે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ શ્રી કુંજ ટેનામેન્ટ, રન્ના પાર્ક ઘાટલોડીયા ખાતે રહેતા ૩૫ વર્ષિય કૌશલ વિજયકુમાર શાહ પોતાના પરિવાર સાથે રહે છે અને રાયપુર કાંકરીયા ખાતે પ્લમ્બિંનો વેપાર કરે છે. કૌશલ શાહ ગત તા.૧૦ ના રોજ સવારના સુમારે અમદાવાદ થી નીકળી પાલનપુર મિત્રને મળવા માટે જઈ રહ્યા હતા. તે સમયે અડાલજ ખાતે પહોંચતા દિકરીને ભુખ લાગતા જોકરના ગાંઠીયા દુકાન ખાતે નાસ્તો કરવા માટે રોકાયા હતા. જયારે ગાડી નાસ્તાની દુકાન સામે પાર્ક કરી હતી. પરંતુ નાસ્તો કરવા માટે ગયા તે સમયે ગાડી લોક કરવાનું કૌશલભાઈ ભુલી ગયા હતા. નાસ્તો કરીને અડધો કલાકમાં પરત આવ્યા ત્યારે જોયુ તો તેમની પાછળનો દરવાજો ખુલ્લો જણાયો હતો. જેથી ગાડીમાં તપાસ કરતા તેમની પત્નીના પર્સની ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. જયારે પર્સમાંથી રૂ.૧૦ કિંમતનો મોબાઈલ ફોન, રૂ.૬૦ હજારનું ડાયમંડના પેન્ડલ વાળુ સોનાનું દોઢ તોલાનું મંગળસુત્ર, રૂ.૫ હજારની ફોસીલ કંપનીની ઘડીયાળ, રોકડા રૂ.૪ હજાર સહિત ડ્રાઈવીંગ લાઈસન્સ, એટીએમ કાર્ડ સહિતની ચીજવસ્તુઓ ગાયબ હતી. કારમાંથી પર્સ ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ આદરી છે.

# શહેરના વાતાવરણમાં ફરી પલ્ટો આકાશમાં વાદળો છવાયા અને લઘુત્તમ તાપમાનમાં વધારો થયો

ગાંધીનગર, તા. ૧૩

વાતાવરણમાં ફરી એકવાર પલ્ટો આવ્યો છે. વહેલી સવારે આકાશમાં વાદળો ઘેરાયા હતા. વાદળોના કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. જ્યારે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે.

ગાંધીનગર શહેરના વાતાવરણમાં ફરી પલ્ટો આવ્યો છે. આજે વહેલી સવારે આકાશમાં વાદળો જોવા મળ્યા હતા. વાદળો ઘેરાતા વહેલી સવારે ધુમ્મસભર્યુ વાતાવરણ જોવા મળ્યું હતું. બપોરના સમયે તડકો નીકળ્યો હતો. વાદળો ઘેરાતા લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો. પવનોની ગતિ ઘટતા લઘુત્તમ તાપમાન વધ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ વધતા મહત્તમ તાપમાન ઘટ્યુ હતુ.

લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વધારો અને ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોના તાપમાન પર નજર નાંખીએ તો ૧૦મી ૧૨મી તારીખ સુધી લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીની આસપાસ રહ્યુ હતુ જ્યારે મહત્તમ તાપમાન ૨૮ થી ૨૯ ડિ.સે.ની વચ્ચે રહ્યુ હતુ. ગઈકાલ સાંજથી વાતાવરણમાં પલ્ટો આવતા લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલુ વધીને ૧૭ ડિ.સે. પર પહોંચ્યુ હતુ જ્યારે મહત્તમ તાપમાન ઘટીને ૨૭.૮ ડિ.સે. નોંધાયુ હતુ. જો કે ભેજનું પ્રમાણ રહેતા ટાઢોડુ છવાયુ હતુ. એકાદ બે દિવસમાં પુનઃ લઘુત્તમ તાપમાન ગગડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# રાવત સમાજનો સ્નેહમિલન સત્કાર સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર-૧૭ ખાતે રાવત સમાજ સંગઠનનો સ્નેહમિલન સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વ ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, ગાંધીનગર શહેરના પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ અને પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધલ, અમદાવાદ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા ઉપપ્રમુખ ગણપતભાઈ બી. સેનવા ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર રાવત સમાજના પ્રમુખ વિઠ્ઠલ સેનવા અને મહામંત્રી નિતિનભાઈ રાવત તથા સંગઠનની પુરી ટીમે ખૂબ મહેનત કરીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી હોવાથી આજે કચેરીઓમાં પણ કર્મચારીઓની હાજરી પાંખી હતી.
- વિધાનસભા વિપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા આજે તેમનો વિપક્ષ નેતા તરીકે વિધિવત્ ચાર્જ વિજય મુહૂર્તમાં સંભાળશે.
- શહેરમાં સ્માર્ટ ડસ્ટબીન મુકવાની કામગીરી મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે.
- વિધાનસભામાં પક્ષના દંડક પંકજભાઈ દેસાઈના કાર્યાલયમાં ધારાસભ્યો માટે હળવા નાસ્તા માટે શિંગ-ચણાની બરણી રાખવામાં આવી છે.
- પંચાયતોની ચૂંટણીને લઈ જિલ્લા-તાલુકાઓના બજેટની કામગીરી ૨૧ ડિસે.ની મતગણતરી પછી હાથ ધરાશે.
- બે દિવસના વેકેશન પછી આજે કચેરીઓ શરૂ થઈ છે પણ આજે મુલાકાતીઓ ઓછા ગાંધીનગરમાં દેખાયા હતા.
- મનપાના કાઉન્સીલરોને બે મહિનાથી વેતન-ભથ્થા નહિ મળ્યા હોવાની વાતે પાટનગરમાં ચર્ચા જગાવી છે.
- ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાં આવેલા બગીચાઓમાં બાળકોની રમતના સાધનો ભંગાર હાલતમાં પડ્યા હોવાથી લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૮ હજારથી વધુ લોકોને આવરી લેવાયા હતા જેમાં ૬૮૪૧ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૨૪૧ શહેરમાં લોકોને આવરી લેવાયા હતા.

